૭૨ મો

# વાર્ષિક અહેવાલ

વર્ષ ૨૦૧૯-૨૦૨૦

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.
# હિંમતનગર

## વ્યવસ્થાપક કમિટિ સભ્યશ્રીઓ


શ્રી ભીખાભાઈ કાંહ્યાભાઈ પટેલ
વાઈસ ચેરમેન



શ્રી જેઠાભાઈ પ્રભુદાસ પટેલ
ચેરમેન


શ્રી જગદીશભાઈ શ્યામજીભાઈ પટેલ
માનદ્‌મંત્રી


શ્રી મણીભાઈ આઇ. પટેલ


શ્રી જયંતિભાઈ વી. પટેલ


શ્રી બાબુભાઈ એમ. પટેલ


શ્રી જશુભાઈ જે. પટેલ


શ્રી હસમુખભાઈ ડી. પટેલ


શ્રી બાબુભાઈ એમ. પટેલ


શ્રી બાબુભાઈ જી. પટેલ


શ્રી ધીરૂભાઈ બી. પટેલ


શ્રી કનુભાઈ જી. પટેલ


શ્રી ગોપાળભાઈ એમ. પટેલ


શ્રી દિનેશભાઈ વી. પટેલ


શ્રી બાબુભાઈ એ. પટેલ


શ્રી જયંતિભાઈ એસ.પટેલ


શ્રી સુજિતકુમાર ડી. પટેલ


શ્રી નરેન્દ્રભાઈ ટી.ઉપાધ્યાય


શ્રી કાન્તિભાઈ એમ. પટેલ


શ્રી એસ. બી. ચૌહાણ
જિલ્લા રજીસ્ટ્રારશ્રી


શ્રી વિજયકુમાર જે. પટેલ
મેનેજરશ્રી

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## પ્રગતિના સોપાન

| વર્ષ | સભાસદ સંખ્યા | શેરભંડોળ (રૂપિયામાં) | રીઝર્વ ફંડ તથા બીજા ફંડો (રૂપિયામાં) | વેચાણ (રૂપિયામાં) | ચોખ્ખો નફો (રૂપિયામાં) | ડીવીડન્ડ વહેંચણી નો દર (ટકામાં) | ઓડીટ વર્ગ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૪૮-૧૯૪૯ | ૮૦ | ૭,૯૭૦ | ૮૦ | ૭૮,૬૩૭ | નફો ૧,૩૭૩ | 3.૭૫% | બ |
| ૧૯૫૮-૧૯૫૯ | ૬૧૦ | ૬૫,૭૨૦ | ૧,૬૧,૯૦૮ | ૧૭,૩૨,૦૩૧ | નફો ૪૫,૯૬૪ | ૬.૨૫% | અ |
| ૧૯૬૮-૧૯૬૯ | ૩૯૯૭ | ૨,૪૬,૪૮૪ | ૧૩,૦૫,૨૪૪ | ૧,૫૯,૭૭,૯૮૭ | નફો ૨,૩૦,૦૦૦ | ૯.૦૦% | અ |
| ૧૯૭૮-૧૯૭૯ | ૭૦૦૬ | ૭,૬૪,૯૧૦ | ૬૦,૧૩,૨૭૯ | ૧૫,૬૭,૧૩,૮૭૩ | નફો ૪,૨૬,૪૫૪ | ૧૨.૦૦% | અ |
| ૧૯૮૮-૧૯૮૯ | ૭૩૧૪ | ૨૦,૬૨,૨૦૮ | ૨,૦૦,૧૬,૯૧૧ | ૨૧,૨૮,૩૧,૨૪૦ | નફો ૪,૨૭,૬૩૩ | ૧૨.૦૦% | અ |
| ૧૯૯૮-૧૯૯૯ | ૧૭૮૭૮ | ૨૭,૨૯,૦૪૮ | ૩,૩૪,૧૨,૩૨૭ | ૭૭,૦૮,૭૨,૯૫૮ | નફો ૧૦,૪૮,૫૦૦ | ૧૨.૦૦% | અ |
| ૧૯૯૯-૨૦૦૦ | ૧૭૮૭૩ | ૨૭,૩૧,૫૪૮ | ૩,૫૧,૧૦,૭૯૩ | ૭૭,૮૧,૧૪,૯૪૦ | નફો ૧૧,૧૭,૯૩૧ | ૧૨.૦૦% | અ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૧૮૧૨૬ | ૪૧,૦૧,૫૫૮ | ૪,૧૨,૦૭,૧૩૦ | ૬૪,૨૫,૫૪,૦૩૬ | નફો ૧૧,૫૧,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૯૩૭૦ | ૪૯,૯૬,૭૩૮ | ૪,૨૮,૨૫,૧૬૩ | ૧૨૫,૬૮,૩૩,૪૯૮ | નફો ૧૨,૬૧,૫૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૭૧૯૭ | ૪૯,૮૮,૩૨૦ | ૪,૪૮,૭૧,૪૩૪ | ૭૫,૧૮,૮૪,૮૨૧ | નફો ૧૩,૫૧,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૧૭૧૯૨ | ૪૯,૮૭,૯૭૦ | ૪,૬૭,૩૪,૩૦૧ | ૯૬,૨૯,૫૩,૫૩૭ | નફો ૧૫,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૧-૨૦૧૨ | ૧૭૧૭૫ | ૪૯,૮૭,૦૭૦ | ૫,૧૨,૯૦,૧૬૨ | ૧૩૮,૫૨,૭૯,૫૮૩ | નફો ૨૯,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૨-૨૦૧૩ | ૧૬૭૯૬ | ૪૯,૮૫,૯૭૦ | ૫,૬૨,૭૨,૦૩૧ | ૧૫૭,૭૭,૯૫,૯૭૮ | નફો ૬૧,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૩-૨૦૧૪ | ૧૭૧૫૫ | ૪૮,૮૫,૬૭૦ | ૬,૧૯,૧૫,૨૯૩ | ૧,૮૫,૩૨,૦૯,૮૯૫ | નફો ૩૬,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૪-૨૦૧૫ | ૧૭૨૭૫ | ૫૬,૪૮,૪૬૦ | ૬,૬૩,૧૨,૯૪૫ | ૧,૬૭,૬૮,૨૯,૭૮૪ | નફો ૧૮,૫૧,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૫-૨૦૧૬ | ૨૧૬૨૧ | ૭૮,૮૩,૨૩૦ | ૭,૦૭,૪૧,૯૪૨ | ૧,૫૬,૮૩,૯૩,૬૮૧ | નફો ૮૦,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૬-૨૦૧૭ | ૨૨૬૯૭ | ૮૫,૨૦,૨૫૦ | ૮,૧૬,૬૮,૪૪૨ | ૨,૯૦,૯૦,૦૮,૭૫૪ | નફો ૮૦,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૭-૨૦૧૮ | ૨૨૭૮૦ | ૮૬,૫૬,૬૫૦ | ૯,૬૫,૮૨,૯૭૬ | ૨,૯૭,૧૦,૭૮,૧૭૬ | નફો ૨,૫૧,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૮-૨૦૧૯ | ૨૨૭૬૮ | ૮૬,૮૮,૨૮૦ | ૧૨,૧૮,૭૪,૩૩૮ | ૧,૨૪,૩૮,૨૯,૨૪૦ | નફો ૪૫,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૯-૨૦૨૦ | ૨૨૭૦૫ | ૮૪,૨૬,૯૩૦ | ૧૨,૫૫,૮૪,૭૪૩ | ૭૦,૫૯,૩૧,૨૦૨ | નફો ૨૧,૫૫,૦૦૦ | ૧૫.૦૦%* | - |

(શેર ડીવીડન્ડ વાર્ષિક સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ)

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. હિંમતનગર




## સંઘની શાખાઓના ટેલીફોન નંબર

| | | | | |
|---|---|---|---|---|
| **મહાવીરનગર**<br>(૦૨૭૭૨) ૨૪૩૨૧૨<br>૯૪૨૮૧૩૫૪૦૪ | **ગાંભોઈ**<br>(૦૨૭૭૨) ૨૫૦૩૨૧<br>૯૮૯૮૩૧૦૫૯૧ | **ધનસુરા**<br>(૦૨૭૭૪) ૨૨૨૦૩૮/૨૨૨૧૩૧<br>૯૮૭૯૫૯૦૭૫૦ | **ભિલોડા**<br>(૦૨૭૭૧) ૨૩૪૫૩૯<br>૯૯૭૯૨૭૬૧૯૮ | **માલપુર**<br>(૦૨૭૭૩) ૨૨૩૭૨૩<br>૯૪૨૬૫૩૫૭૮૪ |
| **મેઘરજ**<br>(૦૨૭૭૩) ૨૪૪૩૩૮<br>૯૪૦૮૦૧૭૧૨૪ | **વડાલી**<br>૯૪૦૮૦૧૭૧૩૦ | **સલાલ**<br>૯૪૦૮૦૧૭૧૧૬ | **તલોદ**<br>૯૪૦૮૦૧૭૧૧૦ | **ધોલવાણી**<br>૯૪૨૭૭૩૧૭૨૧ |


ફોન : હેડ ઓફિસ હિંમતનગર : ૨૪૧૪૭૦, ૨૪૨૨૭૧, ફેક્સ : ૨૪૦૧૯૫

Email : sabarsangh.1949@yahoo.com

Gmail : sabarsangh9822@gmail.com

ચેરમેન : (ઓ) ૨૪૬૧૭૦ (મો) ૯૮૨૫૦ ૫૦૩૫૦

મેનેજર : (ઓ) ૨૪૦૧૯૫ (મો) ૯૮૨૫૫ ૨૨૩૯૫

આસી. મેનેજર (જનતા) (ઓ) ૨૪૧૪૭૦ (મો) ૯૪૨૭૦ ૩૭૩૦૩

આસી. મેનેજર (એકા.) (ઓ) ૨૪૧૪૭૦ (મો) ૮૮૪૯૬ ૦૧૮૧૮




:: પ્રકાશક ::

**વિજયકુમાર જે. પટેલ**

મેનેજર

**ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.**

હિંમતનગર, જિ. સાબરકાંઠા






# સાબર સંઘ ચા

- આસામના ગાર્ડનની ઉત્તમ
- ક્વોલીટીની તાજી ચા,
- બીજી અન્ય ચાની

સરખામણીમાં વ્યાજબી ભાવ

ભેળસેળ રહિત શુધ્ધ

- ૨૫૦ ગ્રામ
- ૫૦૦ ગ્રામ
- ૧ કિ. ગ્રામના

આકર્ષક પેકીંગમાં ઉપલબ્ધ

# કાપડ વિભાગ



શુટીંગ-શર્ટીંગ



ગાદલા-ઓશીકા

રેડીમેડ વસ્ત્રો
સ્વેટર
શાલ
ધાબળા
ગાલીચા
રેઈનકોટ
છત્રી

હોઝીયરી



ચાદર
ચોરસા
ટુવાલ
અન્ડરવેર
મોજા
ધોતી
માદરપાટ


## સિલપોલિનનો સાથ... ગુજરાતના ખેડૂતોનો વિકાસ

Silpoly Liner
SACHCHI SURAKSHA, HAR KADAM PAR

## સૌથી મજબુત ISI માર્કાવાળી તાડપત્રી




વજનમાં હળવી
૧૦૦% વોટરપ્રુફ
સાબર સંઘના કાપડ વિભાગમાં ઉપલબ્ધ











# અદ્યતન નવીન સુપર માર્કેટ







**તમામ પ્રકારનું  કરીયાણું તથા અમૂલ દૂધ,છાસ,ઘી,દહીં,આઈસ્ક્રીમ**

# મશીનરી વિભાગ











- તગારા
- પતરાં
- પાવડા
- ત્રિકમ
- નરાજ
- ખુરશી-ટેબલ
- ગેલ્વે પીપ
- ડોલ

# દવા, બિયારણ વિભાગ




# હોલસેલ અનાજ/ખાતર વિભાગ




**તમામ પ્રકારના ખાતર, દવાઓ તથા બિચારણો અને હોલસેલ તેલ,ખાંડ, ચોખા ગોળ તથા દાળ**

# અદ્યતન નવીન ફૂટવેર શો રૂમ





# ઈલેક્ટ્રીક વિભાગ

**ટેબલફેન, સીલીંગફેન, પેડેસ્ટલ, તથા એકઝોસ્ટ ફેન,**

**ગીઝર, ઈલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ પંપ**

**ટ્યુબલાઈટ, બલ્બ, CFL, ઈલેક્ટ્રીક ફીટીંગ સામાન,**

**સ્વીચ, વાયર, વલોણાયંત્ર, ઈસ્ત્રી**





:: ફક્ત સભાસદો માટે જ ::

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર



## ૭૨ મી વાર્ષિક સાધારણ સભા

## ચેરમેનશ્રીનું નિવેદન...

વ્હાલા સભાસદ બંધુઓ,

આ સંઘની ૭૨ મી વાર્ષિક સાધારણ સભામાં આપ સૌ સંઘના ''અ'' વર્ગના ઉપસ્થિત સહકારી મંડળી સભાસદો અને વ્યક્તિસભાસદોના પ્રતિનિધિશ્રીઓનું આ સંસ્થા વતી હું હાર્દિક સ્વાગત કરું છું.

આ સંસ્થાનો સને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષનો ૭૨મો વાર્ષિક અહેવાલ અને હિસાબો સંઘના સંચાલક મંડળ વતી અત્રે આપ સૌની સમક્ષ રજુ કરૂં છું. જે આપ સૌને મોકલી આપવામાં આવેલ છે.

**૧. સભાસદ સંખ્યા અને શેર ભંડોળ :-**

| સભાસદ | સભાસદ સંખ્યા | | શેર ભંડોળ (રૂપિયામાં) | |
|---|---|---|---|---|
| | ૩૧-૩-૨૦૨૦ | ૩૧-૩-૨૦૧૯ | ૩૧-૩-૨૦૨૦ | ૩૧-૩-૨૦૧૯ |
| ''અ'' વર્ગઃ- | | | | |
| સહકારી મંડળીઓ | ૪૮૧ | ૫૩૩ | ૩૧,૦૯,૮૯૦-૦૦ | ૩૩,૬૯,૮૯૦-૦૦ |
| વ્યક્તિઓ | ૨૨,૨૨૪ | ૨૨,૨૩૫ | ૫૩,૧૭,૦૪૦-૦૦ | ૫૩,૧૮,૩૯૦-૦૦ |
| કુલઃ- | ૨૨,૭૦૫ | ૨૨,૭૬૮ | ૮૪,૨૬,૯૩૦-૦૦ | ૮૬,૮૮,૨૮૦-૦૦ |

| | | |
|---|---|---|
| **૨. રીઝર્વ અને અન્ય ફંડો :-** | તા. 31-3-2020 | તા.31-3-201૯ |
| | રૂા. ૧૨,૫૫,૮૪,૭૪૩-૮૨ | રૂા. ૧૨,૧૮,૭૪,૩૩૭-૭૪ |
| **૩. બાંધી મુદત તથા ચાલુ થાપણો :-** | તા.31-3-2020 | તા. 31-3-201૯ |
| | રૂા. ૨,૦૭,૮૩,૩૯૦/- | રૂા. ૨,૧૦,૧૪,૧૫૫/- |

સંસ્થાની હેડઓફિસ તથા શાખાઓ સહિત કુલ વેચાણ રૂા. ૭૦,૫૯,૩૧,૨૦૨-૨૦ વેપારી નફો રૂા. ૨,૭૪,૬૬,૦૦૩-૯૦ અને ચોખ્ખો નફો રૂા. ૨૧,૫૫,૦૦૦/- નો થયેલ છે.

આપણી સંસ્થાનું વર્ષ ૨૦૧૭-૧૮ તથા ૨૦૧૮-૧૯ (બે વર્ષ)નું સ્પેશ્યલ ઓડિટરશ્રી, સહકારી મંડળીઓ, (નજર) સાબરકાંઠાએ ઓડિટ કરેલ છે. જેમાં આપણી સંસ્થાને ઓડિટ વર્ગ "અ" આપવામાં આવેલ છે તે આપણી સંસ્થાએ સતત જાળવી રાખેલ છે. જે ગૌરવની બાબત છે.

ચાલુ વર્ષે સંઘની વ્યવસ્થાપક કમિટીએ સભાસદોને ૧૫% મુજબ ડિવિડન્ડ આપવા માટે ભલામણ કરેલ છે. જે આપ તેને મંજુર કરશો તેવી આશા રાખું છું.

## :: વેપારી પ્રવૃત્તિઓ ::

### હેડઓફિસ હિંમતનગર :-

### (૧) ઈલેક્ટ્રીક વિભાગ :-

આ સંઘના ઈલેક્ટ્રીક વિભાગ દ્વારા ક્રોમ્પટન, બજાજ જેવી પ્રખ્યાત કંપનીઓના સીલીંગ તથા ટેબલ ફેન, ટ્યુબ લાઈટ, લેમ્પ, લાઈટીંગનો તમામ સામાન, સિંચાઈ તથા પાણી ચઢાવવા તથા ફ્લોર ફેક્ટરી માટેની મોટરો તથા મીક્ષર, ઈસ્ત્રી, પંચાયત ફીક્ચર્સ, ઈલેક્ટ્રીક તથા ગેસ ગીઝર, અવધૂત વલોણા યંત્ર, અનાજ ઉપણવાના પંખા, એન્કર તથા વલ્કન કંપનીની લાઈટફીટીંગને લગતી તમામ એસેસરીઝ, ફર્નીચર, સાયરન, ફ્યુઝ ચેઈન્જ ઓવર સ્વીચ, ક્રોમ્પ્ટ કંપનીની ચાર્જેબલ ટોર્ચ વિગેરેનું વેચાણ કરવામાં આવે છે.

આ વિભાગનું અહેવાલના વર્ષમાં **રૂા. ૧,૬૧,૦૨,૭૫૯-૧૬** નું વેચાણ થયેલ છે.

### (૨) કાપડ વિભાગ :

હેડ ઓફિસના મુખ્ય શોરૂમમાં ચાલતા કાપડ વિભાગમાં સિયારામ તથા અન્ય મીલોના દરેક જાતનાં શુટીંગ,શર્ટીંગ, રેડીમેઈડ પેન્ટ,શર્ટ,ટી-શર્ટ, ધોતી પ્રીન્ટેડ છીંટ, માદર પાટ, વોશેબલ ગાદલાં, રજાઈ, ઓશીકા, ગાદી, તકીયા, ચાદરો, ગાલીચા, શેતરંજી, સોલાપુર ચોરસા, જ્યપુરી રજાઈ,પગલૂછણીયા, હોજીયરી, સોફાદડી, પડદાનું કાપડ, ટેપેસ્ટી, આસન, મોદપાટ (જાજમ), ગરમ શાલ, ધાબળા, સ્વેટર, મફલર- ટોપી, મોજા, તાડપત્રી, છત્રીઓ, રેઈનકોટ, મચ્છરદાની વિગેરેનું વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે.

આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૬૬,૧૦,૩૩૬-૮૪/-** નું વેચાણ થયેલ છે.

### (૩) સુપર માર્કેટ :

વિકસતા વેપાર ધંધાને તથા ગ્રાહકોને વધતી જતી માંગ અને સગવડતા માટે ગ્રાહક પોતાની રૂચિ મુજબ જરૂરી ચીજવસ્તુઓ ખરીદી શકે તે માટે સંઘના પ્રોવિજન વિભાગને એક વિશાળ સુપર માર્કેટ આધુનિકરણ કરી ચલાવવામાં આવે છે. જેમાં પ્રોવિઝન આઈટમ તથા કરીયાણાની ચીજ વસ્તુઓ જેવી કે દાળો, ખાદ્યતેલ,ખાંડ,ગોળ, મમરા,પાપડ,ખાખરા, બેસન, મેંદો, તેમજ સુકોમેવો, ખજુર,ગરમ મસાલા, ચા, ટુથપેસ્ટ, બ્રશ,ન્હાવા- ધોવાના સાબુ, તથા પાવડર, ટેલ્કમ પાવડર, બિસ્કીટ, ચોકલેટ, હેરઓઈલ, અગરબત્તી, જીપ- એવરેડી હાથબત્તી તથા પાવર વિગેરેનું વેચાણ કરવામાં આવે છે.

આ વિભાગની સાથે અમુલ પ્રોડક્ટસની તમામ ચીજો જેવી કે,આઈસ્ક્રીમ, શ્રીખંડ, દહીં,ચીઝ, દૂધ, ઘી, પનીર, ચોકલેટ વિગેરેનું વેચાણ કરવામાં આવે છે.તેમજ દિવાળી સિઝનમાં સારી જાતની મીઠાઈ, ફરસાણનું પણ વેચાણ કરવામાં આવે છે.

તદ્ઉપરાંત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની વિવિધ સ્વરોજગારી માટેના સાધનોના કીટ્સનું નોડલ એજન્સી તરીકે વિતરણની કામગીરી કરવામાં આવે છે તેમજ શાળાઓ માટે મધ્યાહન ભોજનના વાસણો ની કીટ્સ તથા સેનેટરી સાધનોનું વેચાણ કરવામાં આવે છે.

આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા.**૬૦,૧૩,૧૪૨-૮૪**નું વેચાણ થયેલ છે.

### (૪) બિયારણ- પાકરક્ષક દવા વિભાગ :

આ વિભાગમાં ખેડૂતો ને સારી ગુણવત્તાનાં બીજ નિગમ, ગુજકોમાસોલ, કૃભકો જેવી કંપનીઓના હાઈબ્રીડ બીયારણો જેવા કે કપાસ, દિવેલા, ઘઉ, મકાઈ, મગફળી(સીંગદાણા), બાજરી, ડાંગર, જીરૂ, વરીયાળી, તુવર, મગ, અડદ, રજકો, ચીકોળી, બી.ટી. કપાસ અને રીસર્ચ તમામ બીયારણો વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે. તેમજ સારી ગુણવત્તા ધરાવતી તમામ પ્રકારની પાકરક્ષક દવાઓનું વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ સબસીડી પાત્ર તમામ સર્ટીફાઈડ બીયારણો અને પાકરક્ષક દવાઓનું વિતરણ કરવામાં આવે છે. તેમજ દવા છાંટવાના સ્પ્રેયર પંપનું વેચાણ કરવામાં આવે છે.

આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા.**૧,૨૯,૯૨,૯૭૫-૨૨** નું વેચાણ થયેલ છે.